RAJKOT CHAMBER OF COMMERCE & INDUSTRY

# રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઉપપ્રમુખ તથા એસોચેમ ગુજરાત કાઉન્સીલના MSME કમિટિના ચેરમેનશ્રી પાર્થભાઈ ગણાત્રાના માર્ગદર્શન હેઠળ સૌરાષ્ટ્રના ફુડ પ્રોસેસીંગ ઉદ્યોગોને વધુ મજબુત બનાવવા અંગે સેમીનારનું આયોજન કરવામાં આવેલ...

રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઉપપ્રમુખ તથા એસોચેમ ગુજરાત કાઉન્સીલના MSME કમિટિના ચેરમેનશ્રી પાર્થભાઈ ગણાત્રાના માર્ગદર્શન હેઠળ સૌરાષ્ટ્રના ફુડ પ્રોસેસીંગ એકમોને વધુ મજબુત બનાવવા અંગે તા.૨૬-૫-૨૦૨૩ ના રોજ હોટલ ફર્ન ખાતે માર્ગદર્શક સેમીનારનું આયોજન કરવામાં આવેલ.

આ સેમીનારમાં રાજકોટના ધારાસભ્યશ્રી રમેશભાઈ ટીલાળા, લઘુ ઉધોગ ભારતીના પ્રમુખશ્રી હંસરાજભાઈ ગજેરા, નાબાર્ડ રાજકોટ રીજીઓનના ડીડીએમશ્રી ધર્મેન્દ્ર ચૌહાણ, એસોચેમ ગુજરાત સ્ટેટ કાઉન્સીલ સ્ટેટ હેડશ્રી વિપુલ બી.જી. તથા બહોળી સંખ્યામાં ઉધોગકારો-નિકાસકારો ઉપસ્થિત રહયા હતા.

સેમીનારમાં રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઉપપ્રમુખ તથા એસોચેમ ગુજરાત કાઉન્સીલના MSME કમિટિના ચેરમેનશ્રી પાર્થભાઈ ગણાત્રાએ ફુડ પ્રોસેસીંગ કરતા એકમોને હાલની તકે ઉજજવળ ઉધોગ તરીકે ગણી શકાય. ખાધ પદાર્થોના આરોગ્ય વિષયક ગુણો તથા લાભોને ધ્યાનમાં રાખતા સરકારશ્રીએ પણ વર્ષ ૨૦૨૩ ને આંતરરાષ્ટ્રીય ધાન્ય વર્ષ તરીકે ઉજવવામાં આવે છે. ત્યારે આવા ફુડ પ્રોસેસીંગ એકમોને વધુ મજબુત બનાવવા તેમજ બાજરી તથા બાજરી આધરીત વિવિધ ઉત્પાદનોનું મુલ્યવર્ધન, માર્કેટીંગ, નિકાસ અને પ્રમોશન કઈ રીતે કરી શકાય. સાથો સાથ આવા એકમોને રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય સ્તરે એકઝીબિશનમાં ભાગ લેવા તથા સરકારશ્રી દ્વારા મળવાપાત્ર વિવિધ લાભદાયક યોજનાઓથી માહિતગાર કરવામાં આવેલ. તેમ રાજકોટ ચેમ્બરની અખબારી યાદીમાં જણાવેલ છે.